# કલમ 3 હેઠળના દર્દીઓ માટે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર

(1983ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 17એ)

| | |
|---|---|
| 1. દર્દીનું નામ | |
| 2. તમારી સારવારનો હવાલો સંભાળનાર વ્યકિતનું નામ (તમારા 'જવાબદાર ચિકિત્સક') | |
| 3. તમારી દેખરેખ હેઠળની સામૂહિક સારવાર શરૂ થયાની તારીખ | |

## શા માટે હું દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર છું?

તમે 1983ના માનસિક આરોગ્યની કલમ 17એ હેઠળ દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર છો, કેમ કે તમારી સંભાળનો હવાલો સંભાળનાર (તમારા જવાબદાર ચિકિત્સક)ને લાગે છે, કે તમે હોસ્પિટલમાંથી રજા લેવા પૂરતા સારા થયા છો પરંતુ ચિંતા એ છે કે તમારી સારવાર તમે ચાલુ રાખી શકો નહીં, અથવા વધુ સારવાર માટે ટૂંકા ગાળામાં તમને ફરીથી હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી શકે.

દેખરેખ હેઠળની સામૂહિક સારવાર એટલે તમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે પછી તમે સારા રહી શકો તે માટે તમને મદદ કરવા તમારી સંભાળ ટીમ તેમનાથી બનતું બધું કરશે; પરંતુ તમારા જવાબદાર ચિકિત્સકને લાગે કે તમારે હોસ્પિટલમાં સારવાર લેવાની ફરી જરૂર છે, તો તમારી જરૂર હોય તે સારવાર માટે હોસ્પિટલમાં પાછા આવવા તમને કહી શકશે.

તમારા જવાબદાર ચિકિત્સક, તમને હોસ્પિટલમાંથી છૂટા કર્યા પછી તમારી માનસિક વિકૃતિ અંગે તમને જરૂરી સારવાર અને સંભાળ માટેની વ્યવસ્થા અંગે તમારી સાથે વાત કરશે.

## સામૂહિક સારવાર આદેશ શું છે?

સામૂહિક સારવાર આદેશ એ એક ફોર્મ છે, જે તમારે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર હેઠળ રહેવું જોઈએ એમ કહેવા, તમારા જવાબદાર ચિકિત્સક અને માન્ય માનસિક આરોગ્ય વ્યાવસાયિકે ભરવું જોઈશે.

માન્ય માનસિક આરોગ્ય વ્યાવસાયિક એવી વ્યકિત છે, જેને માનસિક આરોગ્ય અધિનિયમ હેઠળ લોકોને હોસ્પિટલમાં રાખવાની જરૂર છે કે કેમ તેના નિર્ણય કરવામાં મદદ કરવા ખાસ તાલીમ આપવામાં આવેલી હોય છે.

## હું હોસ્પિટલ છોડું પછી શું થાય?

તમારા જવાબદાર ચિકિત્સક દેખરેખ હેઠળના સામૂહિક સારવાર અંગે શું થાય તેની તમારી સાથે વાત કરશે.

તમને કદાચ તમારી સારવાર માટે ચોક્કસ વ્યવસ્થા કરવા, અથવા સમૂહમાં સલામત રીતે અને સારી રીતે રહેવામાં તમને મદદ કરવા પૂછવામાં આવશે. આને 'શરતો' કહે છે, અને માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 17બી હેઠળ તેને છૂટ આપી છે.

તમારા જવાબદાર ચિકિત્સક અને માન્ય માનસિક આરોગ્ય વ્યાવસાયિકે સહમત થવું જોઈશે કે આ શરતો યોગ્ય છે, અને તેનું બરાબર પાલન કરવા તમને જરૂરી કોઈપણ મદદ માટે ગોઠવણ કરશે. તમે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર હોવ ત્યારે તમને કરવા કે ન કરવા જણાવે તેવી કોઈ વસ્તુ અંગે કોઈપણ કારણસર તમને ચિંતા થતી હોય તો તમારે તમારા જવાબદાર ચિકિત્સક સાથે વાત કરવી જોઇએ.

## હું શરતોનું પાલન ન કરું તો શું થાય?

તમે શરતનું પાલન ન કરો, તો તમારી સંભાળ ટીમને તમારે સારવાર માટે હોસ્પિટલમાં પાછા આવવાની જરૂર છે કે કેમ તે વિચારવાનું જરૂરી બનશે.

તમને જરૂરી સારવાર તમને મળે તે સુનિશ્ચિત કરવા, તમારા જવાબદાર ચિકિત્સકને લાગે કે આ જ એક માર્ગ છે તો તમને હોસ્પિટલમાં પાછા આવવા કહેવામાં આવી શકે. કેટલીકવખત તમે તમામ શરતોનું પાલન કર્યું હોય તો પણ આ જરૂરી બની શકશે. આને હોસ્પિટલમાં 'ફરી બોલાવવા' એમ કહેવામાં આવે છે.

તમારા જવાબદાર ચિકિત્સકને લાગે કે તમને હોસ્પિટલમાં ફરીથી બોલાવવા જરૂરી છે, તો તમારા જવાબદાર ચિકિત્સક લેખિતમાં તમને લખશે, કે તમારે સીધા હોસ્પિટલમાં આવી જવાની જરૂર છે, અથવા ચોક્કસ સમયે આવવાની જરૂર છે. તમને કહેવામાં આવે ત્યારે તમે ના આવો ત્યારે તમને તમારી ઈચ્છા વિરુદ્ધ હોસ્પિટલમાં લાવવામાં આવી શકાશે.

તમને હોસ્પિટલમાં ફરી બોલવવામાં આવે, તો તમને ત્યાં 72 કલાક સુધી રાખી શકાશે. તમારા જવાબદાર ચિકિત્સક વિચારે કે તમારે હોસ્પિટલમાં લાંબો સમય રહેવાની જરૂર છે, તો માન્ય માનસિક આરોગ્ય વ્યાવસાયિકને તમારી સાથે વાત કરવા જણાવાશે. તે સમયે તમને આ સમજાવવામાં આવશે.

## દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર હોઉં ત્યારે મારે મને કયા પ્રકારની સારવાર મળવી જોઇશે?

તમારા જવાબદાર ચિકિત્સક તમારી સારવારની જરૂરિયાતો અંગે તમારી સાથે ચર્ચા કરશે અને સમૂહમાં તમારી સાથે કયારે અને કેવી રીતે સારવાર કરાશે તેનું આયોજન કરશે.

## મારી સારવાર કરવાનો હું ઈન્કાર કરી શકું?

તમે ન ઈચ્છો તો સારવારનો ઈન્કાર કરવાનો તમને અધિકાર છે, પરંતુ આનો અર્થ એ થઈ શકે કે તમારા જવાબદાર ચિકિત્સક તમને હોસ્પિટલમાં ફરી બોલાવવા વિચારવાનું જરૂરી માને.

તમે સૂચવવામાં આવેલી સારવાર લેવા ન માગો, તો તમારે બને તેટલા સત્વરે તમારા જવાબદાર ચિકિત્સકને વાત કરવી જોઇએ.

## મારી સારવાર અંગે સંમત થવું કે કેમ તે નક્કી કરવા હું અત્યંત બિમાર હોઉં તો શું થાય?

તમારી સારવાર કરતા લોકોને લાગે કે સારવાર કરાવવી કે કેમ તેનો તમારી જાતે નિર્ણય કરવાની ક્ષમતાનો અભાવ છે, તો તેઓને જરૂરી લાગે તે સારવાર તમને આપી શકશે.

સંકટકાલિન સ્થિતિ હોય તે સિવાય તમે તે અંગે વાંધો લો, તો તેઓ સારવાર સ્વીકારવા તમને દબાણ કરી શકશે નહીં.

"શકિતનો અભાવ" એટલે, તમારી માનસિક વિકૃતિને કારણે તમે નીચેની ચાર વસ્તુઓ પૈકી એક કે વધુ કરી શકશો નહીં:

- સારવાર અંગે તમને આપેલી માહિતી સમજવી
- તમે નિર્ણય કરવા જેટલા સક્ષમ બનો ત્યાં સુધી તે માહિતી રાખવી
- નિર્ણય લેવા તમને આપેલી માહિતીનું મહત્ત્વ સરખાવવું
- વાત કરવી, સંકેતની ભાષાનો ઉપયોગ કરવો, અથવા આંખ પટપટાવવી કે હાથ દાબવા જેવી સાદી હલન-ચલન ક્રિયાથી પણ કોઇ શક્ય અર્થ દ્વારા તમારા નિર્ણય અંગે સંદેશા-વ્યવહાર કરવો

સંકટકાલિન સ્થિતિ હોય તે સિવાય, તમે 2005 ના માનસિક ક્ષમતા અધિનિયમ હેઠળ ઈન્કાર કરવાનો અગાઉથી કાયદેસર બંધનકર્તા નિર્ણય કર્યો અથવા અધિનિયમ હેઠળ તમારા વતી નિર્ણયો લેવાની છૂટ આપી હોય તેવી કોઈક વ્યકિત કહે કે તમારે તે સારવાર ન લેવી જોઇએ તો તમને એ સારવાર આપી શકાશે નહીં. આ વ્યકિત તમે છેલ્લે જેને મુખત્યારનામું આપ્યું હોય તે, કોર્ટ ઓફ પ્રોટેકશન દ્વારા તમારા માટે નિયુકત નાયબની અથવા કોર્ટ ઓફ પ્રોટેકશન પોતે હોઈ શકે. હોસ્પિટલનો સ્ટાફ તમને 2005ના માનસિક ક્ષમતા અધિનિયમ અંગે વધુ માહિતી આપી શકે.

## દવા અને ઔષધ સારવાર અંગે સામાન્ય નિયમો

તમે એકવાર એક મહિના કરતાં વધુ સમય માટે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર હોવ, ત્યારે દવા અને ઔષધ સારવાર અંગેના કેટલાક ખાસ નિયમો લાગુ પડે છે.

તમારી માનસિક વિકૃતિ માટે તમને દવા કે ઔષધ સારવાર અપાય, તો અને તમે હોસ્પિટલમાં હોવ અથવા તમે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર હોવ ત્યારે તમને આ પ્રકારની સારવાર પ્રથમ આપવામાં આવે ત્યારથી ત્રણ કરતાં વધુ મહિના સુધી અપાય, તો તમારી તપાસ કરવા માટે સ્વતંત્ર ડોકટરને (તમને સારવાર અપાતી હોય તે હોસ્પિટલના ન હોય) બોલાવવાની મંજૂરી લેવા તમને પૂછવામાં આવશે.

આ સ્વતંત્ર ડોકટરને SOAD (બીજા અભિપ્રાય માટે નિયુકત ડોકટર) કહેવાય છે અને સ્વતંત્ર કમિશન દ્વારા તેમની નિમણૂક થાય છે, જે માનસિક આરોગ્ય અધિનિયમનો કેવી રીતે ઉપયોગ થાય તેના પર દેખરેખ રાખે છે.

આ ડોકટર તમારા માટે સારવાર યોગ્ય હોવા અંગે તપાસ કરશે, અને તમારા માટે કઈ સારવાર ચાલુ રાખવી જોઇએ તે નક્કી કરતાં પહેલા તમારી સાથે વાત કરશે.

સ્વતંત્ર ડોકટરે તમારા માટે યોગ્ય હોવાનું કહ્યું હોય તે જ દવા કે ઔષધ સારવાર, સંકટકાલિન સ્થિતિ ન હોય તે સિવાય, તમને આપી શકાશે.

સ્વતંત્ર ડોકટર તમને કયારે અને કયાં તપાસશે તેની તમને જાણ કરાશે. દેખરેખ હેઠળની સામૂહિક સારવારની એક શરત એ છે કે સ્વતંત્ર ડોકટરને મળવું. તમને કહેવામાં આવે તે સ્થળે અને સમયે સ્વતંત્ર ડોકટરને મળવા નહીં જાવ, તો તમારા જવાબદાર ચિકિત્સક તમને સ્વતંત્ર ડોકટરને મળવા હોસ્પિટલમાં પાછા બોલાવી શકશે.

કેટલીક ખાસ સારવારો, જેવી કે ઈલેકટ્રો-કન્વલસિવ ઉપચાર (ECT) માટે જુદા જુદા નિયમો છે. તમારી સારવાર કરનાર લોકોને લાગે કે તમારા માટે ખાસ સારવારની જરૂર છે, તો નિયમો તમને સમજાવવામાં આવશે.

## કેટલા લાંબા સમય માટે મારે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર રહેવું જોઈશે?

તમારા જવાબદાર ચિકિત્સક નક્કી કરે કે આટલો લાંબો સમય જરૂરી નથી, તે સિવાય તમારા સામૂહિક સારવારનો આદેશ પ્રથમ છ મહિના માટે રહેશે.

તમને દેખરેખ હેઠળની સામૂહિક સારવાર હેઠળ રહેવાની જરૂર છે કે કેમ તે જોવા, છ મહિના પૂરા થતાં તમને તપાસવા માટે તમારા જવાબદાર ચિકિત્સકને મંજૂરી આપવા તમને જણાવવામાં આવશે. તમારા જવાબદાર ચિકિત્સક તમને ક્યાં અને કયારે તપાસવા માગે છે, તે તમને કહેવામાં આવશે.

દેખરેખ હેઠળની સામૂહિક સારવારની શરતો પૈકી એક આ તપાસ માટે તમારા જવાબદાર ચિકિત્સકને મળવું તે છે. તમને કહેવામાં આવે તે સ્થળે અને સમયે તમારા જવાબદાર ચિકિત્સકને મળવા નહીં જાવ, તો તમારા જવાબદાર ચિકિત્સક તમારી તપાસ કરવા તમને હોસ્પિટલમાં પાછા બોલાવી શકશે.

તમારા જવાબદાર ચિકિત્સકને લાગે કે તમારે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર લાંબો સમય રહેવાની જરૂર છે તો તેઓ બીજા છ મહિના મુદ્દત લંબાવી શકશે, અને પછી એક સમયે એક વર્ષ સુધી વધારી શકશે. દરેક મુદ્દતને અંતે તમારા જવાબદાર ચિકિત્સક આ અંગે તમને કહેશે.

## શું હું અપીલ કરી શકું?

હા. તમે તમારી જવાબદાર હોસ્પિટલના હોસ્પિટલ મેનેજરને તમારી દેખરેખ હેઠળની સામૂહિક સારવાર સમાપ્ત કરવા જણાવી શકો. તમે આ કોઈપણ સમયે કરી શકો. હોસ્પિટલ મેનેજરો એ લોકોને વધુ વખત દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર હજુ રાખવાની જરૂર છે કે કેમ તે નક્કી કરવા, સ્થાપિત કરેલ લોકોની ખાસ સમિતિ છે.

તમારી જવાબદાર હોસ્પિટલ એટલે સામાન્ય રીતે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર જાવ તે પહેલાંની હોસ્પિટલ હોય છે. તમારી જવાબદાર હોસ્પિટલના ફેરફારોની તમને જાણ કરાશે.

તમે ઈચ્છો કે હોસ્પિટલ મેનેજરો તમારા દેખરેખ હેઠળની સામૂહિક સારવાર સમાપ્ત કરે, તો તમે નીચેના સરનામે તેઓને લખી શકો:

હોસ્પિટલ મેનેજરો તમારી દેખરેખ હેઠળની સામૂહિક સારવાર સમાપ્ત કરવી કે કેમ તે નક્કી કરતાં પહેલાં તમારી સાથે વાત કરવાની ઇચ્છા રાખી શકશે.

તમારા સૌથી નજદીકના સંબંધી પણ દેખરેખ હેઠળની સામૂહિક સારવારનો અંત લાવવા માગે છે, તેમ હોસ્પિટલ મેનેજરોને કહી શકશે. આ પત્રિકા તમારા સૌથી નજદીકના સંબંધી કોણ છે તે સમજાવે છે.

તમારા સૌથી નજદીકના સંબંધી આમ કરે, તો તમારી દેખરેખ હેઠળની સામૂહિક સારવાર 72 કલાક પછી સમાપ્ત થશે, સિવાય કે તમારા જવાબદાર ચિકિત્સક હોસ્પિટલ મેનેજરોને કહે કે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર બંધ કરશો, તો તમે તમારી જાત માટે તથા અન્ય લોકો માટે જોખમરૂપ બનશો. આમ થાય, તો તમારા નજદીકના સંબંધી હોસ્પિટલ મેનેજરોને ફરીથી કહી શકશે કે તેઓ દેખરેખ હેઠળની સામૂહિક સારવાર સમાપ્ત કરવા માગે છે તે અગાઉ બીજા છ મહિના લાગશે.

તમે ટ્રિબ્યુનલને પણ જણાવી શકો કે તમારી દેખરેખ હેઠળની સામૂહિક સારવાર બંધ કરવી જોઇએ.

## ટ્રિબ્યુનલ શું છે અને શું થાય છે?

ટ્રિબ્યુનલ એક સ્વતંત્ર પેનલ છે, જે નક્કી કરી શકે કે તમારી દેખરેખ હેઠળની સામૂહિક સારવાર સમાપ્ત કરવી જોઇએ કે કેમ. ટ્રિબ્યુનલ તમારી અને તમને જાણતા હોય તે સ્ટાફ સાથે બેઠક રાખશે. આ બેઠકને ‘સુનાવણી’કહે છે. તમે ઈચ્છો, તો સુનાવણીમાં તમને મદદ કરવા બીજા કોઈને તમે બોલાવી શકો. સુનાવણી પહેલાં, ટ્રિબ્યુનલના સભ્યો તમારા અને તમારી દેખરેખ હેઠળની સામૂહિક સારવાર અંગે હોસ્પિટલમાંથી અહેવાલો વાંચશે. ટ્રિબ્યુનલના સભ્યો પૈકી એક તમારી સાથે વાત કરવા પણ આવશે.

## હું ટ્રિબ્યુનલને કયારે અરજી કરી શકું?

તમે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર હોય તેના પ્રથમ છ મહિના દરમિયાન છ કોઈપણ સમયે એક વખત ટ્રિબ્યુનલને તમે અરજી કરી શકશો. ત્યારપછી તમે બીજા છ મહિના દરમિયાન અને પછી દર વર્ષે એક વખત ફરીથી અરજી કરી શકો કે, તમે હજુ દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર છો.

તમારા નજદીકના સંબંધી હોસ્પિટલ મેનેજરોને કહે કે તેઓ દેખરેખ હેઠળની સામૂહિક સારવાર સમાપ્ત કરવા માગે છે, પરંતુ તમારા જવાબદાર ચિકિત્સકે જણાવ્યું હોય કે તેની સમાપ્તિ કરવી જોઇએ નહીં, તો તમારા નજદીકના સંબંધી ટ્રિબ્યુનલને પણ અરજી કરી શકશે. તમારા જવાબદાર ચિકિત્સક તમારી દેખરેખ હેઠળની સામૂહિક સારવાર બંધ કરવા વિચારતા નથી એવી જાણ કરાય ત્યારે તમારા નજદીકના સંબંધીએ 28 દિવસની અંદર આ કરવું જોઈશે.

તમે ટ્રિબ્યુનલને અરજી કરવા માંગો તો તમે નીચેના સરનામે લખી શકો:

The Tribunals Service
PO BOX 8793
5th Floor
Leicester
LE1 8BN ટેલિ: 0845 2232022

તમે તમારા વતી ટ્રિબ્યુનલને લખવા અને સુનાવણી વખતે તમને મદદ કરવા સોલિસિટરને જણાવી શકો. આમાં નિષ્ણાતતા ધરાવતાં સોલિસિટરોની યાદી તમારા સામાજિક સેવા તંત્ર અને લૉ-સોસાયટી પાસે હોય છે. આ અંગે સોલિસિટરની મદદ લેવા તમારે ચુકવણી કરવી પડશે નહીં. કાનૂની સહાય યોજના હેઠળ આ વિના મૂલ્યની સેવા છે.

## તમારા સૌથી નજદીકના સંબંધીને જાણ કરવી

માનસિક આરોગ્ય અધિનિયમ જેને તમારા સૌથી વધુ નજદીકના સંબંધી હોવાનું કહે છે તેને આ પત્રિકાની નકલ આપવામાં આવશે.

માનસિક આરોગ્ય અધિનિયમમાં લોકોની યાદી હોય છે, જેઓને તમારા સંબંધીઓ તરીકે ગણવામાં આવે છે. સામાન્ય રીતે, તે યાદીમાં જે વ્યકિત સૌથી અગ્રિમ આવે તે તમારા સૌથી નજદીકના સંબંધી છે. હોસ્પિટલ સ્ટાફ તમને પત્રિકા આપશે, જે આ અંગે તથા તમારી સંભાળ અને સારવાર સંબંધમાં તમારા સૌથી નજીકના સંબંધીને કયા હકો છે તે અંગે આમાં સમજાવ્યું છે.

તમારા કેસમાં, અમને કહેવામાં આવ્યું છે કે તમારા સૌથી નજીકના સંબંધી કોણ છે:

| |
|---|
| |

આ પત્રિકાની નકલ આ વ્યકિતને આપવામાં ન આવે એમ ઈચ્છતા હોવ, તો તમારા વાલી, સામાજિક કાર્યકર કે જે વ્યક્તિએ તમને આ પત્રિકા આપી છે તેમને કહેવા વિનંતી.

## તમારા સૌથી નજદીકના સંબંધી બદલવા

આ વ્યક્તિ તમારા નજદીકના સંબંધી બનવા યોગ્ય નથી એમ વિચારો, તો તેના બદલે તમારા સૌથી નજદીકના સંબંધી તરીકે બીજી કોઈક વ્યકિતને ગણવા તમે કાઉન્ટિ કોર્ટને અરજી કરી શકો. હોસ્પિટલ સ્ટાફ, આ બાબત સમજાવતી પત્રિકા તમને આપી શકશે.

## આચાર સંહિતા

આચાર સંહિતા એ છે જે તમારી સંભાળમાં સામેલ લોકોને માનસિક આરોગ્ય અધિનિયમ અંગે સલાહ આપે છે. તમારી સંભાળ અંગે તેઓ નિર્ણય લે ત્યારે આચાર સંહિતા શું કહે છે તે તેઓએ વિચારવાનું રહે છે. તમે ઈચ્છો, તો તમે સંહિતાની નકલ જોવાનું પૂછી શકો.

## હું કેવી રીતે ફરિયાદ કરું?

તમે દેખરેખ હેઠળની સામૂહિક સારવાર પર તમારી સંભાળ અને સારવાર બાબત ફરિયાદ કરવા માગો, તો તમારે સ્ટાફના સભ્યને વાત કરવા વિનંતી. તેઓ આ બાબતનો નિકાલ કરી શકશે. તેઓ તમને હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ વિષે પણ માહિતી આપી શકશે, અને તમે સ્થાનિક ઠરાવ કહેવામાં આવે છે તેની મારફત તમારી ફરિયાદનો નિકાલ લાવવાનો પ્રયત્ન કરવા તમે તેનો ઉપયોગ કરી શકશો. તેઓ ફરિયાદ કરવામાં તમને મદદ કરી શકે તેવા બીજા કોઈ લોકો અંગે પણ તમને જણાવી શકશે.

તમે સ્વતંત્ર કમિશનને ફરિયાદ કરી શકો. કમિશન, માનસિક આરોગ્ય અધિનિયમનો કેવી રીતે ઉપયોગ કરાય છે, તેનો સાચી રીતે ઉપયોગ કરાય તેની ખાતરી કરવા અને દર્દીઓ હોસ્પિટલમાં હોય તે દરમિયાન યોગ્ય

સંભાળ રાખવામાં આવે તેના પર દેખરેખ રાખે છે. કમિશનનો કેવી રીતે સંપર્ક કરવો તે સમજાવતી પત્રિકા, હોસ્પિટલ સ્ટાફ તમને આપી શકશે.

## વધુ મદદ અને માહિતી

તમારી સંભાળ અને સારવાર અંગે કશું ન સમજાય તેવું હોય, તો તમારા જવાબદાર ચિકિત્સક કે અન્ય સ્ટાફના સભ્ય તમને મદદ કરવા પ્રયત્ન કરશે. આ પત્રિકામાં કશું તમને ન સમજાય અથવા તમને બીજા કોઈ પ્રશ્નો હોય જેનો જવાબ આ પત્રિકામાં ન હોય તો તે સમજાવવા માટે તેઓને પૂછવા વિનંતી.

તમારે બીજા કોઈ માટે આ પત્રિકાની નકલ જોઈતી હોય તો જણાવવા વિનંતી.